# 8. ભારતના રાજયબંધારણનુ ઘડતર અને લક્ષણો

## સ્વાધ્યાય

### 1.નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :

#### 1) ભારતના આમુખમાં કયા આદર્શો જણાવવામાં આવ્યા છે ?

- ભારતના આમુખમાં જણાવેલ આદર્શો : ભારતને સાર્વભુમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહિ અને પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવો.
- દેશમાં સમાજિક, આર્થિક અને રાજકિય ન્યાયની સ્થાપના.
- વિચાર, વાણી અને માન્યતાની અભિવ્યક્તિની સ્વતંત્રતા.
- ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા.
- વ્યક્તિત્વના વિકાસ માટે દરજ્જા અને તકની સમાનતા
- વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ગૌરવની સ્થાપના તથા
- રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને સુદ્દઢ કરે એવી બંધુત્વની ભાવના.

#### 2) સર્વત્રિક પુખ્ત વય મતાધિકાર કોને કહેવાય ?

- સાર્વિત્રિક પુખ્ત વય મતાધિકાર એટલે 18 વર્ષ કે તેથી વધુ વયનો હોય, કાયદા દ્વારા ગેરલાયક ઠરાવવામાં ન આવ્યો હોય, અસ્થિર મગજનો ન હોય અને જેનું મતદાર યાદીમાં નામ હોય એવા ભારતના પ્રત્યેક નાગરિકને ધર્મ, જાતિ, કોમ, શિક્ષણ, લિંગ, જન્મસ્થાન, આવક કે મિલકતના ભેદભાવ વિના આપેલો સમાન મતાધિકાર.

#### 3) ભારતીય બંધારણ સમવાયી છે – ચર્ચો.

- બંધારણે ભારતને રાજ્યોના સંઘ તરીકે ઉલ્લેખ કર્યો છે. ભારત સંઘીય રાજ્ય છે.
- ભારતમાં સંઘ અને રાજ્યો વચ્ચે કાયમી સંબંધોની લિખિત સ્વરૂપમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. એટલે રાજ્યોને સંઘથી અલગ થવાનો અધિકાર નથી.
- રાજ્યસરકારો કરતાં સંઘસરકારને વિશેષ અને ચડિયાતી સત્તાઓ આપવામાં આવેલ છે.
- સંઘસરકાર અને રાજ્યસરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓને સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે.
- બંધારણે રાષ્ટ્રીય હિતને સર્વોપરી ગણવામાં આવ્યું છે.
- દેશમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્રની રચના કરવામાં આવી છે. તે બંધારણનું અર્થઘટન કરવાની અંતિમ સત્તા ધરાવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- કાયદા ઘડવા માટેની સંઘયાદીમાં સૌથી વધારે વિષયોનો અને રાષ્ટ્રીય કક્ષાના મહત્વના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- રાજ્યસરકારોની સરખામણીમાં સંઘસરકરને શક્તિશાળી બનાવવા માટે બંધારણે સંયુક્ત યાદીમાં સંઘસરકારને વિશેષ અને ચડિયાતી સત્તાઓ આપી છે.
- કાયદા ઘડવાના વિષયોની ત્રણ યાદીઓમાંથી કોઈ પણ યાદીમાં ન આવતા હોય, તે અંગેના કાયદા ઘડવાની શેષ સત્તા માત્ર સંઘસરકરને જ આપવામાં આવી છે.
- કેન્દ્ર અને રાજ્યો વચ્ચે નાણાકિય સાધનો પણ વહેંચવામાં આવ્યાં છે. સંઘસરકાર રાજ્યસરકારોને ગ્રાન્ટ સ્વરૂપે આર્થિક સહાય આપે છે.
- ભારતના નાગરિકો એકમ રાજ્યોની નહિ પણ સંઘની જ નાગરિકતા ધરાવે છે. જમ્મુ-કશ્મીર રાજ્ય સિવાય ભારતમાં નાગરિકોને માત્ર એક જ નાગરિકત્વ આપવામાં આવ્યું છે.
- કટોકટી સમયે દેશનું બંધારણ સમવાયીતંત્રી મટી એકતંત્રી બનાવી શકાય એવી જોગવાઈ કરવામાં આવી છે.

## 4) સંસદીય પદ્ધતિની સરકારનાં લક્ષણો જણાવો.

- સંસદીય પદ્ધતિની સરકારનાં લક્ષણો નીચે મુજબ છે.
- સંસદીય પદ્ધતિની સરકારમાં લોકો સર્વોપરી હોય છે.
- ભારતીય સંસદ દ્વિગૃહી છે. સંસદના નીચલા ગૃહને લોકસભા અને ઉપલા ગૃહને રાજ્યસભા કહે આવે છે.
- લોકસભાના સભ્યોને દેશના સામાન્ય મતદાર પુક્ત વય મતાધિકારના ધોરણે, ગુપ્તમતદાન-પદ્ધતીથી ચૂંટે છે.
- લોકસભાની લોકસભાની મુદત પાંચ વર્ષની છે.
- દરેક રાજ્યને તેની વસ્તીના પ્રમાણમાં બેઠકો મળે છે. રાજ્યસભા કાયમી ગૃહ છે, પરંતુ દર બે વર્ષને અંતે તેના સભ્યોની કુલ સંખ્યાના 1/3 ભાગના સભ્યો નિવૃત થાય છે અને તેટલા જ નવા સભ્યો ફરીથી ચુંટાય છે. રાજ્યસભાનું સંપૂર્ણપણે વિસર્જન થતું નથી.
- રાજ્યસભાના દરેક સભ્યના હોદ્દાની મુદત 6 વર્ષની હોય છે.
- રાજ્યસભાના સભ્યોની ચૂંટણી આડકતરી રીતે થાય છે. તેની કુલ સભ્યસંખ્યા 250 છે, જેમાંથી 238 સભ્યોની ચૂંટણી પ્રત્યેક રાજ્યની વિધાન સભાના સભ્યો તે રાજ્યની વસ્તીના ધોરણે કરે છે. બાકીના 12 સભ્યો રાષ્ટ્રપ્રમુખ વિવિધ ક્ષેત્રની નિષ્ણાત અને વિશિષ્ટ પ્રતિભા ધરાવતી વ્યક્તિઓની નીમણુક કરે છે.
- સંઘસરકાર વહીવટ રાષ્ટ્રપ્રમુખના નામે અને દરેક રાજ્યસરકારનો વહીવટ રાજ્યપાલના નામે ચાલે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આમ, છતાં વાસ્તવિક વહીવટ સંઘસરકારમાં વડા પ્રધાન અને તેમનું પ્રધાન મંડળ તથા રાજ્યસરકારમાં મુખ્યમંત્રી અને તેમનું મંત્રીમંડળ ચલાવે છે.
- દેશના અને રાજ્યના મંત્રીમંડળની રચના અનુક્રમે સંસદ તથા વિધાનસભામાંથી થાય છે. સમગ્ર મંત્રીમંડળ પોતાનાં બધાં જ કાર્યો માટે સંસદને જવાબદાર હોય છે.
- તેથી સંસદીય લોકશાહી સરકારને 'જવાબદાર સરકાર' કહેવામાં આવે છે.
- સંસદીય લોકશાહીમાં સંસદ મંત્રીમંડળ અને રાષ્ટ્રપ્રમુખને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.
- આમ, સંસદીય પદ્ધતિની સરકારમાં રાજકીય સત્તાનો સ્રોત પ્રજાએ ચૂંટેલા સંસદ પાસે જ હોય છે.

## 5) એકીકૃત ન્યાયતંત્ર એટલે શું ?

- બંધારણમાં સમગ્ર દેશ માટે સળંગ, સુગ્રથિત, સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકસૂત્રી ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે. ભારતીય સમવાયતંત્ર કેન્દ્રમાં સર્વોચ્ચ અદાલત છે, જેનું સ્થાન સૌથી ઊંચું છે. ત્યારપછી અનુક્રમે રાજ્યોની વડી આદાલતો, જિલ્લાની અદાલતો અને તાલુકા અદાલતોનું સ્થાન છે. આમ, આપણા દેશમાં સળંગ એકસુત્રી ન્યાયતંત્ર છે. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ભારતની તમામ અદાલતો માટે બંધનકર્તા છે. સંઘસરકાર અને રાજ્યસરકારો વચ્ચે બંધારણીય બાબતો કે કાયદાનાં અર્થઘટનો અંગે સર્જાય તો તેનો ઉકેલ લાવવાની સત્તા સર્વોચ્ચ અદાલત ધરાવે છે. સર્વોચ્ચ અદાલત દેશની તમામ અદાલતો પર નિયંત્રણ, દેખરેખ અને માર્ગદર્શનનો અધિકાર ધરાવે છે. ભારતનું ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર છે. તે નાગરિકોના મૂળભૂત હકોનું રક્ષણ કરે છે. આથી જ સમવાયીતંત્રી ભારતમાં સર્વોચ્ચ અદાલતને 'બંધારણની રક્ષક અને વાલી' ગણવામાં આવે છે.

## 6) બંધારણમાં સુધારાની જોગવાઈ સ્પષ્ટ કરો.

- ભારતના બંધારણમાં સુધારો કરવા માટે નીચેની ત્રણ કલમોની જોગવાઈ કરવામાં આવી છે.
- સંસદમાં હાજર રહેલા સભ્યોની અડધા કરતાં વધારે તેમજ મતદાનમાં ભાગ લેતા સભ્યોની સાદી બહુમતીથી બંધારણમાં સુધારો કરી શકાય છે.
- કેટલીક બાબતોમાં સંસદનાં બંને ગૃહોની કુલ સભ્યસંખ્યાની બહુમતી તેમજ હાજર રહેલા અને મતદાનમાં ભાગ લેતા સભ્યોની 2/3 બહુમતી જરૂરી છે.
- કેટલીક બબતોમાં સંસદનાં બંને ગૃહોની કુલ સભ્યસંખ્યાની બહુમતી તેમજ હાજર રહેલા અને મતદાનમાં ભાગ લેતા સભ્યોની 2/3 બહુમતીની આવશ્યકતા ઉપરાંત 50% કરતાં વધારે રાજ્યોની વિધાનસભાઓની મંજૂરી જરૂરી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ ઉપરાંત, કેન્દ્ર અને રાજ્યોના આંતરિક સંબંધોમાં ઉચ્ચ ન્યાયતંત્રના માળખામાં સુધારો કરવા માટે દેશના બધાં રાજ્યો પૈકી ઓછામાં ઓછા 50% રાજ્યોની સંમતિ હોવી આવશ્યક છે.

### 7) સામાજિક અને આર્થિક સમાનતા વિના રાજકીય સમાનતા અધૂરી છે.

- બંધારણમાં 42 મા સુધારા હોય આમુખમાં 'સમાજવાદી' શબ્દ ઉમેરવામાં આવ્યો છે અને સામાંજેક અને આ થેક સમાનતા
- મેળવી કલ્યાણ રાજય' સ્થાપવાનો ઉદ્દેશ રાખેલો છે.
-
- પરંતુ દેશમાં રાષ્ટ્રીય સંસાધનોની ન્યાયયુક્ત વહેંચણી, ઉત્પાદન અને વિતરણની વ્યસ્થા સુદઢ બનાવવી પડશે.
-
- વિવિધ વિસ્તારો અને વ્યવસાયોમાં કામ કરતા લોકો વચ્ચે આવકની અસમાનતા ઓછી કરવામાં આવે.
-
- સૌને સ્વસ્થ અને ગૌરવપૂર્વક વિકાસની તકો અને સગવડો પ્રાપ્ત થાય. જેથી સામાજિક કલ્યાણ થાય અને ગરીબ-તવંગર
- વચ્ચેના તફાવત દૂર થતાં લોકોનું જીવનધોરણ ઊંચું લાવી શકાય.
-
- બીજી તરફ ધારાગૃહો, સંસદ કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં તેમની રાજકીય પ્રતિનિધિત્વ માટે રાજકીય અનામત બેઠકો
- ફાળવવામાં આવે તો સામાજિક અને આર્થિક સમાનતા સ્થપાતાં રાજકીય સમાનતા આપોઆપ સ્થપાશે.

## 2. નીચેનાં વિધાનો સમજાવો :

### 1) આમુખ ભારતીય બંધારણનો અર્ક છે.

- કોઈ પણ કાયદાના ઘડતરમાં, કાયદાને સંપૂર્ણપણે સમજવામાં કે તેનો અર્થઘટન કરવામાં આમુખ માર્ગદર્શન બને છે. કાયદો ઘડવા પાછળ સંસદ કે ધારાસભાનો હેતુ શો છે, તેનો આદર્શ કે નીતિ શું છે, તે જાણવામાં આમુખ ઉપયોગી બને છે. કયા પ્રકારની મુશ્કેલીઓ નિવારવા માટે કાયદો ઘડવામાં આવી રહ્યો છે. તેનો નિર્દેશ આપણને આમુખમાંથી જાણવા મળે છે. આમ,

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આમુખ સમગ્ર બંધારણનું હાર્દ રજૂ કરતું હોવાથી તે ભારતીય બંધારણનો અર્ક મનવામાં આવે છે.

## 2) આમુખ એ બંધરાણના ઘડવૈયાઓના માનસને સમજવાની ચાવી છે.

- બંધારણના ઘડવૈયાઓએ બંધારણના મહાન આદર્શો, ઉદ્દેશો, મૂળભૂત હેતુઓ અને સિદ્ધંતો આમુખમાં બંધારણના હેતુઓ દ્વારા ભારતમાં 'કલ્યાણરાજ' સ્થાપવાની ઉચ્ચ ભાવના અને આદર્શને સિદ્ધ કરવા માંગે છે. આમ, આમુખ એ બંધારણના ઘડવૈયાઓના માનસને સમજવાની ગુરુચાવી છે.

## 3) આમુખ એ હોકાયંત્રની ગરજ સારે છે.

- કાયદાની કોઈ કલમ કે વિગતમાં અસ્પષ્ટતા કે વિસંગતતા હોય ત્યારે અથવા કયદાનો હેતુ સ્પષ્ટ ન થતો હોય ત્યારે અથવા કાયદાનો હેતુ સ્પષ્ટ ન થતો હોય ત્યારે આમુખ કાયદાની કલમ, મુદ્દા કે શબ્દોનું યથાર્થ અર્થઘટન કરવામાં માર્ગદર્શક બને છે. તે કાયદાને સમજવાની ગુરુચાવી છે. આમુખ બંધારણની જોગવાઈઓને સમજવામાં હોકાયંત્રની ગરજ સારે છે.

## 4) ભારતના બંધારણમાં સમવાયી અને એકતંત્રી બંનેનો સમન્વય છે.

- સમવાયીતંત્રી ભારતમાં સંઘસરકાર અને રાજ્યોની સરકારો એમ બે પ્રકારની સરકારો છે. બંને સરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે. રાજ્યોની સરકારો કરતાં સંઘસરકારને વિશેષ અને ચડિયાતી સત્તાઓ સોંપવામાં આવી છે. દેશના નગરીકોને માત્ર સંઘનું જ નાગરિકત્વ આપવામાં આવ્યું છે. બંધારણમાં સમગ્ર દેશ માટે એકસુત્રી ન્યાયતંત્રની જોગવાઈ કરવામાં આવી છે. આ બધી બાબતો ભારતનું બંધારણ સમવાય છે એ સ્પષ્ટ કરે છે. આમ, છતાં કોઈ રાજ્યમાં કે સમગ્ર દેશમાં બંધરણીય કટોકટીની પરિસ્થિતિ સર્જાય ત્યારે બધી સત્તાઓ સંઘ સરકાર અને રાષ્ટ્રપ્રમુખને સોંપવામાં આવે છે. આ સમયે ભારતનું બંધારણ સમવાયીતંત્ર મટી એકતંત્રી બને છે. આમ, ભારતના બંધારણમાં સમવાયી અને એકતંત્રી સરકાર એમ બંનેનો સમન્વય છે.

## 5) ભારત એ બિનસાંપ્રદાયિક રાજ્ય છે.

- ભારતમાં ધર્મ, જાતિ કે પંથના ભેદભાવ વિના બધા નાગરિકોનેસમાન અધિકારો આપવામાં આવ્યા છે. ભારતના બધા નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો મૂળભૂત હક આપવામાં આવ્યો છે. ભારત સરકાર કોઈ પંથ કે ચર્મને વરેલી નથી. રજ્યની નજરમાં ધર્મને કારણે કોઈ ઊંચનીચનો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ભેદભાવ નથી. દરેકને પોતપોતાની પસંદગીનો ધર્મ પાળવાની છૂટ છે. ભારત સરકાર ધાર્મિક બાબતોમાં નિષ્પક્ષ અને તટસ્થ છે. ભારતના બંધારણ 'સર્વધર્મ-સમભાવ'નો સિદ્ધંત સ્વીકરવામાં આવ્યો છે. આથી કહી શકાય કે, ભારત એ એક બિનસાંપ્રદાયિક રાજ્ય છે.

## 6) ભારત એ લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય છે.

- ભારતમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ લોકોને જવાબદાર રહીને રાજ્યતંત્ર ચલાવે છે. ભારતની સરકારે લોકશાહીના પાયાના સિદ્ધાંતો-સ્વતંત્રત, સમાનતા અને બંધુત્વ સ્વીકાર્યા છે અને તેને અમલમાં મુક્યાં છે. આ ઉપરાંત સાર્વત્રીક પુખ્ત વય મતાધિકાર, મૂળભૂત હકોની જાહેરાત, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉલ્લેખ, સંસદ અને ધારાસભાઓને વિશિષ્ટ સત્તાઓ, સ્વતંત્ર ન્યાયતંત્રની વ્યવસ્થા, સ્વાયત્ત ચૂંટણીપંચ વગેરે જોગવાઈઓ ભારતને લોકશાહી રાજ્ય જાહેર કરે છે.
- બંધારણમાં નક્કી કરેલી લાયકાતો ધરાવનાર ભારતનો કોઈ પણ નાગરિક સાર્વત્રિક પુખ્ત વય મતાધિકાર દ્વારા ચૂંટાઈ શકે છે. ભારતમાં કોઈ વ્યક્તિ કે કુટુંબનું વંશપરંપરાગત શાસન નથી, પણ પ્રજાનું શાસન છે. ભારતમાં પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ સરકાર ચલાવે છે. તેમજ રાજ્યના વડાઓના હોદ્દાઓ ભોગવે છે. ભારતમાં રાષ્ટ્રપ્રમુખનો હોદ્દો વંશપરંપરાગત નથી. ભારતની પ્રજા ચૂંટણી દ્વારા કોઈ પણ સરકારને પદભ્રષ્ટ કરી, નવી સરકાર રચવાની સાર્વભૌમ સત્તા ધરાવે છે. તેથી ભારત એ લોકશાહિ પ્રજાસત્તાક રાજ્ય છે.

## 7) ભારત એક અખંડ અને અવિભાજ્ય સંઘરાજ્ય છે.

- ભારતના બંધારણે ભારતને રાજ્યોના સંઘ તરીકે દર્શાવ્યો છે. ભારતમાં હાલમાં કુલ 29 રાજ્યો અને રાષ્ટ્રીય રાજધાનીના પ્રદેશ દિલ્લી સહિત કુલ 7 કેન્દ્રશાસિત પ્રદેશો છે. સંઘ શબ્દ દ્વારા ભારતમાં સંઘ અને એકમ રાજ્યો વચ્ચે ક્યારેય પણ બદલી ન શકાય એવા કાયમી સંબંધોની લેખિત સ્વરૂપે બંધારણમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. સંઘનાંએકમ રાજ્યો સંઘમાંથી સ્વતંત્ર થવાનો અધિકાર ધરાવતાં નથી. આથી કહી શકાય કે, ભારત એક અખંડ અને અવિભાજ્ય સંઘરાજ્ય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 8) ભારતનું બંધારણ વિશ્વનું સૌથી વધુ વિગતવાર અને વિસ્તૃત લિખિત દસ્તાવેજ છે.

- બંધારણમાં કુલ 22 ભાગ છે. તેમાં 461 અનુચ્છેદો અને 12 પરિશિષ્ટો છે.
- બંધરણમાં સંઘ અને રાજ્યોની શાસનવ્યવસ્થા અને તેમના આંતરસબંધો; નાગરિકના મૂળભૂત હકો અને ફરજો; રાજ્યનિતિના માર્ગદર્શક સિદ્ધાંતો; ન્યાયતંત્રનું સ્વતંત્ર માળખું; ચૂંટણીઓ; લઘુમતીઓ, પછાત વર્ગો અને જાતિઓ તેમજ વંચિત સમૂહોના ઉત્કર્ષ માટેની જોગવાઈઓ; કટોકટીને પરિસ્થિતિ માટેની જોગવાઈ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આથી કહી શકાય કે, ભારતનું બંધારણ વિશ્વનું સૌથી વધુ વિગતવાર અને વિસ્તૃત લેખિત દસ્તાવેજ છે.

## 3. નીચેના પારિભાષિક શબ્દો સમજાવો.

### 1) બેવડું નાગરિકત્વ

- બેવડું નાગરિક્ત્વ એટલે બે પ્રકારનું નાગરિકત્વ. સમવાયીતંત્રી શાસનવ્યવસ્થામાં નાગરિકો બેવડું નાગરિકતવ ધરાવે છે. યૂ.એસ.એ.માં સમવાતીતંત્રી શસનવ્યવ્સ્થા છે. તેથી ત્યાં દરેક નાગરિક બેવડું નાગરિકત્વ ધરાવે છે : એક યૂ.એસ.એ.નું અને બીજું પોતે જે રાજ્યમાં વસવાટ કરતો હોય તે રાજ્યનું.

### 2) સંસદીય પદ્ધતિ

- જે શાસનપદ્ધતિમાં સંસદ લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી હોય તેને 'સંસદીય પદ્ધતિથી લોકશાહી' કહેવામાં આવે છે.
- સંસદીય પદ્ધતિ લોકશાહી શાસનપદ્ધતિનો એક પ્રકાર છે. ભારતમાં સંસદીય પદ્ધતિની લોકશાહી છે.

### 3) જવાબદાર સરકાર

- આપણા બંધારણની જોગવાઈ અનુસાર મંત્રીમંડળના બધા નીતિવિષયક નિર્ણાયોની જવાબદારી સમગ્ર મંત્રીમંડળની સંયુક્ત ગણાય છે. જ્યારે લોકસભા બહુમતીથી કોઈ પણ એક મત્રી સામે નીતિવિષયક મુદ્દા અંગે અવિશ્વાસનો ઠરાવ પસાર કરે, તો એ અવિશ્વાસનો ઠરાવ સમગ્ર મંત્રીમંડળ સામેનો ગણાય છે. આવું બને ત્યારે સમગ્ર મંત્રીમંડળને રાજીનામું આપવું પડે છે. આમ, સમગ્ર મંત્રીમડળ તેનાં કાર્યો માટે લોકસભાને સંયુક્ત રીતે જવાબદાર ગણાય છે. તેથી સંસદીય સરકાર 'જવાબદાર સરકાર' કહેવાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 4) કેન્દ્રયાદી

- કેન્દ્રયાદીમાં સૂચવેલા વિષયો પર કેન્દ્રસરકાર કાયદા ઘડી શકે છે તેમજ તેમાં ફેરફાર કરી શકે છે. આ યાદીમાં મુખ્યત્વે સંરક્ષણ, વિદેશી બાબતો, અણુશક્તિ, નાણું અને બૅન્કિંગ, રેલવે, તાર અને ટપાલ, વીમો જેવા 97 વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### 5) રાજ્યવાદી

- રાજ્યવાદીમાં સુચવાયેલા વિષયો પર રાજ્યસરકારો કાયદા ઘડી શકે છે તેમજ તેમાં ફેરફાર કરી શકે છે. આ યાદીમાં મુખ્યત્વે કાયદો અને વ્યવસ્થા, શિક્ષણ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કૃષિ-સિંચાઈ, આરોગ્ય, રાજ્ય એ બંનેની સરકારો કાયદો ઘડે તો માત્ર કેન્દ્રસરકારે ઘડેલો કાયદો અમલમાં રહે છે.

### 6) સંયુક્ત યાદી

- આ યાદીમાં સૂચવેલા વિષયો પર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો બંને કાયદા ઘડી શકે છે. આમ છતાં, કોઈ વિષય પર કેન્દ્ર અને રાજ્ય એ બંનેની સરકારો કાયદો ઘડે તો માત્ર કેન્દ્રસરકારે ઘડેલો કાયદો અમલમાં રહે છે.

### 7) શેષ સત્તા

- હે વિષયો પર કાયદા ઘડવાની સત્તાની વહેંચણી કરવામાંઆવી ન હોય, તેમનો સમાવેશ 'શેષ સત્તા'માં કરવામાં આવ્યો છે. એ વિષયો પર કાયદા ઘડવાની અને તેમાં ફેરફાર કરવાની સત્તા માત્ર કેન્દ્રસરકારને આપવામાં આવી છે.

### 8) સમાજવાદ

- સમાજવાદ શાસનપદ્ધતિનો એક પ્રકાર છે. તેમાં ઉત્પાદનનાં તમામ સાધનો રાજ્યની માલિકીનાં હોય છે. તેમાં ઉત્પાદનોની વહેંચણી કરવાની જવાબદારી રાજ્ય-સંચાલિત દુકાનો સંભાળે છે. સમાજવાદી પદ્ધતિમાં રાજ્યમાં પ્રવર્તતી ગરીબી, બેકારી, ભાવવધારો, નિરક્ષરતા જેવાં પરિબળોને અંકુશમાં રાખી; દેશમાંથી ગરીબો અને શ્રીમંતો વચ્ચેના તફાવતો નાબૂદ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 9) લોકશાહી

- લોકશાહી શબ્દ મૂળ ગ્રીક શબ્દો લોકો અને સત્તા પરથી બન્યો છે.
- યૂ.એસ.એ.ના પોર્વ રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકને લોકશાહિની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. 'Democracy is of the people, for the people and by the people.' લોકશાહી એટલે લોકોનું, લોકો માટે અને લોકો વડે ચાલતું રાજ્ય. લોકશાહીમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓથી બનેલી સરકાર લોકમતના આધારે અને લોકહિતની દ્રષ્ટિએ રાજ્યવહિવટ ચલાવે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોને જવાબદાર હોવાથી લોકશાહી જવાબદાર રાજ્યતંત્ર કહેવાય છે.

### 10) અદાલતી સમીક્ષા

- અદાલતી સમીક્ષા એ બંધારણનું વિશિષ્ટ લક્ષણ છે. સંસદની સર્વોપરિતાને અવગણ્યા વગર રાજ્ય વહિવટ અંગેની કોઈ પણ બબતની અદાલતી સમીક્ષા કરવાના સિદ્ધાંતનો બંધારણે સ્વીકાર કર્યો છે. ભારતની સંસદે કે રાજ્યોની વિધાનસભાઓએ ઘડેલા કાયદાઓ, બહાર પાડેલા આદેશો, વટહુકમો, અદાલતી ચુકાદાઓ કે બંધારણીય સુધારાઓની અદાલતી સમીક્ષા કરવાની સત્તા સર્વોચ્ચ અદાલતને સોંપવામાં આવી છે. બંધારણ સાથે સુસંગત ન હોય એવા કોઈ પણ કાયદાને, સુધારાને કે હુકમને સર્વોચ્ચ અદાલત ગેરબંધારણીય જાહેર કરી રદબાતલ કરી શકે છે.

## 4. નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્યવિકલ્પની પસંદગીકરો :

### 1) બંધારણ ઘડતરનું કાર્ય ક્યારે પૂર્ણ થયું.

(A)ઈ.સ. 1948

(B)ઈ.સ. 1949

(C)ઈ.સ. 1950

(D)ઈ.સ. 1947

### 2) કેન્દ્ર યાદીમાં કેટલા વિષયો સમાવિષ્ટ છે.

(A)66

(B)47

(C)97

(D)87

### 3) ભારતના બંધારણમાં કુલ કેટલા અનુચ્છેદો અને પરિશિષ્ટો છે.

(A)285-11

(B)461-12

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(C)495-13

(D)345-8

4) ભારતીય બંધારણસભાના અધ્યક્ષનું નામ આપો.

(A)કનિયાલાલ મુનશી

(B)ડૉ.રાજેન્દ્ર પ્રસાદ

(C)શ્યામા પ્રસાદ

(D)સરદાર પટેલ

5) ભારતનું બંધારણ ક્યારે અમલમાં આવ્યું ?

(A)26મી નવેમ્બર, 1949

(B)26મી જાન્યુઆરી, 1950

(C)15મી ઑગસ્ટ, 1947

(D)9મી ડિસેમ્બર, 1946

6) બંધારણ સભામાં કુલ કેટલા સભ્યો હતાં.

(A)385

(B)545

(C)250

(D)166

7) ભારત પ્રજાસત્તાક રાજ્ય છે કારણ કે...

(A)તે સર્વભૌમ રાજ્ય છે.

(B) તે લોકશાહી રાજ્ય છે.

(C)રાજ્યના વડાને નિશ્ચિત મુદત માટે ચૂંટવામાં આવે છે.

(D)પ્રજાને ધાર્મિક સ્વતંત્રતા છે.

5. બંધારણનાં વિશિષ્ટ લક્ષણો પૈકી દ્વિગૃહી સંસદીય પદ્ધતિ, સમવાયી અને એકતંત્રીય વ્યવસ્થા, એકીકૃત અને સ્વતંત્ર ન્યાયતંત્ર, બંધારણમાં સુધારો, અદાલતી સમીક્ષા પર સવિસ્તર લખો.

- દ્વિગૃહીપ્રથા અથવા દ્વિગૃહી સંસદીય પદ્ધતિ :
- ભારતના બંધારણ મુજબ સંસદના બે ગૃહો છ : (1) ઉપલું ગૃહ એટલે રાજ્યસભા (2) નાંચલું ગૃહ એટલે લોકસભા.
- રાજ્યસભાના સભ્યોને રાજ્યની વિધાનસભા ચૂંટી કાઢે છે તેમજ વિવિધ ક્ષેત્રના અનુભવી અને નિષ્ણાત એવા 12 વ્યક્તિઓની પસંદગી રાષ્ટ્રપ્રમુખ કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- રાજ્યસભા કાયમી ગૃહ છે. દર બે વર્ષ ⅓ સભ્યો નિવૃત્ત થાય છે. તેટલા જ નવા સભ્યોને ચૂંટવામાં આવે છે. તેમનો સમયગાળો 6 વર્ષનો છે.
- જ્યારે લોકસભાના સભ્યોને લોકો દ્વારા ચૂંટવામાં આવે છે. જે કાયમી ગૃહ નથી. તેમનો સમયગાળો 5 વર્ષનો છે.
- પ્રધાન મંડળની રચના સંસદ સભ્યોમાંથી થાય છે તેથી પ્રધાનમંડળ સંસદોને જવાબદાર છે.
- કેન્દ્રમાં રાષ્ટ્રપ્રમુખના નામે તેમજ રાજયમાં રાજયપાલના નામે વહીવટ ચાલે છે તેમ છતાં ખરેખર સત્તા કેન્દ્રમાં વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ અને રાજયમાં મુખ્યપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ વહીવટી અને કારોબારી સત્તાઓ ભોગવે છે.
- અમુક સંજોગોમાં સંસદના હાજર અને મત આપતા સભ્યોની સાદી બહુમતીથી સુધારો થઈ શકે છે.
- અમુક સંજોગોમાં સંસદના બંને ગૃહોની કુલ સભ્ય સંખ્યાની બહુમતી અને હાજર તેમજ મત આપતા સભ્યોની ⅔ સ્પષ્ટ
- બહુમતીથી સુધારો થઈ શકે છે.
- બંધારણના અમુક ભાગમાં સુધારો કરવા સંસદના બંને ગૃહોની કુલ સભ્ય સંખ્યાની બહુમતી તેમજ હાજર અને મત આપતા 2/ 3 સભ્યોની ⅔ બહુમતી ઉપરાંત અડધા કરતાં વધુ ઘટક રાજ્યોની વિધાનસભા ગૃહોની મંજૂરી જરૂરી છે.
- ઘણી બાબતોમાં સંસદની સાદી બહુમતીથી સુધારો કરી શકાય છે.
- માલતી સમીક્ષા :
- ભારતીય બંધારણમાં સંઘ અને રાજ્યો પોતાના કાર્યક્ષેત્રોમાં જ રહીને જે કામ કે વહીવટ કરે છે કે કેમ તે જોવાની સત્તા અદાલતની છે.
- સંસદે કે ધારાસભ્યોએ ઘડેલા કાયદાઓ અને બહાર પાડેલા આદેશો, વટહુકમો, અદાલતી ચુકાદાઓ અને બંધારણીય સુધારાઓની સમીક્ષા કરવાની સત્તા અદાલતની છે.
- જો અદાલતને લાગે કે બંધારણની મૂળ જોગવાઈ સાથે ઘડેલા કાયદા, સુધારા કે હુકમો સુસંગત નથી તો તે રદ બાતલ કરી શકે છે.
- તમત્તુ પ્રષાનમડળ અન રાજયમા મુખ્યપ્રધાન અન તમનુ પ્રષાનમડળ વહાવટા અન કારાબારા સત્તાઆ ભાગવ છ.
- સમવાયી અને એકતંત્રી વ્યવસ્થા :
- ભારત સંઘીય રાજ્ય છે. સંઘ અને એકમો રાજ્યો વચ્ચેના સંબંધો કાયમી છે.
- સમવાયીતંત્રને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી થઈ છે. તેમ છતાં સંઘ સરકારને કેટલીક વિશેષ અને ચડિયાતી સત્તાઓ અપાઈ છે.
- સમવાયતંત્રમાં તટસ્થ, નિષ્પક્ષ અને સ્વતંત્ર ન્યાયતંત્ર છે. જો કેન્દ્ર કે રાજયો વચ્ચે સત્તા કે કાર્યોની વહેંચણી બાબતમાં કોઈ મડાગાંઠ પડે તો તેનો ઉકેલ બંધારણને આધારે લાવે છે?

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- સમવાયતંત્રમાં અને કાર્યોના વિભાજન માટે કેન્દ્રયાદી, રાજ્યોની યાદી, સંયુક્ત યાદી તૈયારી કરેલ છે તે મુજબ વહીવટ થાય છે.
- સ્વતંત્ર, [નેષ્પક્ષ અન અએેંકાકૃત ન્યાયતંત્ર :
- બંધારણની જોગવાઈ મુજબ ભારતમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકસૂત્રી ન્યાયતંત્રની સ્થાપના થઈ છે.
- દેશમાં ટોચે સર્વોચ્ચ અદાલત, રાજયમાં વડી અદાલત, નીચે જિલ્લા કક્ષાની અને તાબાની અદાલતો ઉપરોક્ત વિશેષ અદાલતોની જોગવાઈ છે.
- સર્વોચ્ચ અદાલતના ચુકાદા ભારતની તમામ અદાલતોને બંધનકર્તા છે.
- ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર છે. જે બંધારણના રક્ષક અને વાલી તરીકે નાગરિકોના અધિકારોનું રક્ષણ કરે છે.
- બંધારણમાં સુધારો :
- ભારતીય બંધારણ અન્ય દેશોના બંધારણ કરતાં પરિવર્તનશીલ હોવાથી સમય અને સંજોગોને આધીન તેમાં ફેરફાર કરવા પડે છે
- જેની કલમો નીચે મુજબ છે.
- અમુક સંજોગોમાં સંસદના હાજર અને મત આપતા 2/ 3 સભ્યોની સાદી બહુમતીથી સુધારો થઈ શકે છે.
- અમુક સંજોગોમાં સંસદના બંને ગૃહોની કુલ સભ્ય સંખ્યાની બહુમતી અને હાજર તેમજ મત આપતા સભ્યોની  સ્પષ્ટ બહુમતીથી સુધારો થઈ શકે છે.
- બંધારણના અમુક ભાગમાં સુધારો કરવા સંસદના બંને ગૃહોની કુલ સભ્ય સંખ્યાની બહુમતી તેમજ હાજર અને મત આપતા સભ્યોની ‌કુ બહુમતી ઉપરાંત અડધા કરતાં વધુ ઘટક રાજ્યોની વિધાનસભા ગૃહોની મંજૂરી જરૂરી છે.
- ઘણી બાબતોમાં સંસદની સાદી બહુમતીથી સુધારો કરી શકાય છે.
- અદાલતી સમીક્ષા :
- 'ભારતીય બંધારણમાં સંઘ અને રાજ્યો પોતાના કાર્યક્ષેત્રોમાં જ રહીને જે કામ કે વહીવટ કરે છે કે કેમ તે જોવાની સત્તા અદાલતની છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in